ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

નગરમાં નવા પર્ણના વસ્ત્રો પરિધાન કરી વૃક્ષોનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું

સૂર્યના પ્રથમ કિરણે ઝગમગી ઉઠતા આ લીલા છમ્મ વૃક્ષો વાતાવરણમાં શિતળતા પ્રસરાવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૬

રાજ્યનું પાટનગર તેની આગોશમાં અનેક જાતના વૃક્ષોને સમાવીને હરીયાળા પાટનગરની ઓળખ મેળવી ચુક્યુ છે. નગરમાં સર્વત્ર વૃક્ષોની હારમાળા નજરે પડી રહી છે જેમાં પાનખર સમયે વૃક્ષોએ જાણે કે રીસામણાં લીધા હોય તેમ સુકાભટ્ટ લાગી રહ્યા હતા. પરંતુ હવે આ વૃક્ષોએ નવા પાર્ણ-ની ઓઢણી ઓઢી-ને પોતાનું સૌંદર્ય સોળે કળાએ ખીલવી નાખ્યુ છે. જેથી નવોઢા જેવા લાગતા વૃક્ષો નગરમાં સૂર્યના પ્રથમ કિરણે ઝગમગી રહ્યા છે. નવા પર્ણ થકી લીલા છમ્મ ભાસતાં વૃક્ષો આકરી ગરમીમાં નગરજનોને શીતળતાનો અહેસાસ કરાવી રહ્યા છે. સર્વત્ર લીલોતરી જેવું દ્રશ્ય નગરમાં છવાયુ છે. જે કારણે વહેલી સવાર અને સમી સાંજે વૃક્ષ અદ્‌ભુત નજારો રજુ કરી રહ્યો છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પ્રકૃતિના નિયમો મુજબ કુદરતના સાનિધ્યમાં ઉછરતાં જીવો તેના સમયે પોતાનો રંગ-રૂપ બદલતા રહે છે. જેમાં વૃક્ષોમાં થતા ફેરફારો નજરે પડ્યા વગર રહેતા નથી. તેમાંય વળી અસંખ્ય વૃક્ષોને પોતાના વિસ્તારમાં સમાવીને બેઠેલા ગાંધીનગરમાં આ નજારો જોવા જેવો બને છે. વૃક્ષોની હારમાળા અને વૃક્ષો થકી પોતાની ઓળખ ઉભી કરનાર પાટનગરમાં વૃક્ષોનું જતન પણ શ્રેષ્ઠ રીતે કરાય છે. જેમાં વળી પાનખર સમયે વૃક્ષો પોતાના મુલ્યવાન પાંદડાં ત્યજે છે ત્યારે નગરજનોમાં પણ જાણે કે ઉદાશી છવાઈ હોય તેવું લાગે છે. હર હંમેશ વૃક્ષોના આસપાસ રહેવા ટેવાયેલા શહેરીજનો કુદરતના આ ક્રમ પ્રત્યે પણ થોડો અણગમો કરે છે. પરંતુ હાલ આ વૃક્ષોએ નવા પર્ણને ધારણ કરી નવી નવેલી દુલ્હન જેવો શાજ સજ્યો છે અને આ દ્રશ્યો થી નાગરમાં હરીયાળી પ્રસરી ગઈ છે. જે થી નગરજનોમાં પણ એક નવોજ તરોતાજા વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે.

લીલાછમ્મ ભાસી રહેલાં વૃક્ષો નવારૂપરંગમાં અદ્‌ભૂત લાગી રહ્યા છે. જેમાં વળી વહેલી સવારે અને સમી સાંજે આ વૃક્ષોનો નજારો આહ્‌લાદક અને શિતળતાનો અહેસાસ કરાવે છે. નગરના માર્ગો તથા આંતરિક વિસ્તારોમાં હરોળબદ્ધ તેમજ કોઈક સ્થળોએ આડા અવળા અને ટોળાબદ્ધ વૃક્ષો નવા પર્ણના પરિધાનથી સ્થળોએ સોળે કળાએ તેમનું રૂપ દ્રશ્યમાન કરી રહ્યા છે. કુદરતના આ કરિસ્માને માનવ માત્ર અનુભૂતિ કરી રહ્યો છે. અને રાજ્યભરમાં વૃક્ષોના શહેર તરીકે જાણીતા ગાંધીનગરના રહીશ હોવાનું ગૌરવ લઈ રહ્યો છે. જો કે વહીવટી તંત્ર વૃક્ષોના જતન માટે પ્રયત્નશીલ છે જ છતાં પણ સૌ નગરજનો આ અમુલ્ય ભેટની જાળવણી કરે તે પર્યાવરણ માટે અત્યંત જરૂરી બન્યું છે.

ગુજકેટનુ પ્રશ્નપત્ર સરળ વિદ્યાર્થીઓને હાશકારો

કોપીકેસ નહીં ૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા જિલ્લામાંથી ૨૭૪૧ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી બાયોલોજીમાં ૫ ગુણના પ્રશ્નો ટવીસ્ટ કરીને પૂછાયા

ગાંધીનગર, તા ૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરિક્ષા લેવામાં આવી હતી. જિલ્લામાંથી ૨૭૪૧ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે ૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ગુજકેટનુ પ્રશ્નપત્ર સરળ નિકળતાં વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. પરિક્ષા દરમિયાન એકપણ કોપીકેસ નોંધાયો નથી.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મેડીકલક્ષેત્રે અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે આજે બોર્ડ દ્વારા ગુજકેટની પરિક્ષા લેવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાંથી કુલ ૨૭૬૨ વિદ્યાર્થીઓ પૈકી ૨૭૪૧ પરિક્ષામા હાજર રહયા હતા. જયારે ૨૧ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે વર્ગ ૧ના અધિકારીઓની ટીમે પરિક્ષાના બિલ્ડીંગોમાં સતત રાઉન્ડ લીધો હતો. જિલ્લામાં ૧૩૮ બિલ્ડીંગોમાં પરિક્ષાના કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિષય નિષ્ણાંત રોહીત રાવલે જણાંવ્યુ હતું કે ત્રણેય પેપરો સરળ નિકળ્યા હતા. ૧૨૦ ગુણની આ કસોટીમાં ફિઝિકસના પેપરમાં ૨ પ્રશ્નો ટવિસ્ટ કરીને પૂછાયા હતા. જયારે બાયોલોજીના પેપરમાં પણ ૫ પ્રશ્નો ફેરવીને પૂછાતા વિદ્યાર્થીઓને આ પ્રશ્નોના જવાબ આપવામાં તકલીફ પડી હતી. રસાયણ વિજ્ઞાનમાં પણ મોટાભાગના પ્રશ્નો સરળ રહયા હતાં. પરિક્ષા દરમિયાન જિલ્લામાંથી એકપણ ગેરરિતીનો કિસ્સો ધ્યાને આવ્યો નથી. જયારે પ્રશ્નપત્રો પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓ પણ હાંશકારો અનુભવ્યો છે. આમ ગુજકેટની પરિક્ષા વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ રહી હતી. ગુજકેટની પરિક્ષાના અંતે હવે વિદ્યાર્થીઓ અને વાલીઓની નજર પરિણામ તરફ મંડરાઈ છે. મહિનાના અંતમાં ધારણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરિક્ષાનું પરિણામ જાહેર થશે.

ચ-૩ ક્રિકેટ ટુર્નામેન્ટની રોમાંચક ફાઈનલ મેચમાં સાંઈબાબા ઈલેવનનો વિજય

ઉડાન યુનિવર્સલ ટ્રસ્ટ દ્વારા આયોજીત જીપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ચોગ્ગા છક્કાની ફટકાબાજી નિહાળી ક્રિકેટ રસિયાઓમાં ઉત્તેજના

ગાંધીનગર તા ૭

ઉડાન યુનિર્વસલ ટ્રસ્ટ દ્વારા ચ-૩ મેદાન ખાતે આયાજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઈકાલે રાત્રે ફાઈનલ મેચ યોજવામાં આવી હતી. આ રોમાંચક મેચમાં આણંદની સહજાનંદ ઈલેવનની ટીમ સામે સાંઈબાબા ઈલેવનની ટીમનો ભવ્ય વિજય થયો હતો. ૧૪ ઓવરના આ ફાઈનલ મુકાબલામાં ચોગ્ગા છક્કાની ફટકાબાજીથી મેચ વધુ રસપ્રદ બની હતી. ગત તા ૧૫ એપ્રિલથી શરુ થયેલી આ ટુર્નામેન્ટમાં ગાંધીનગર,

(તસવીર : કશ્યપ નિમાવત)

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૪માં દબાણો દુર થાય ત્યારબાદ રસ્તાનું કામ શરૂ થશે

વેપારીઓ સ્વેચ્છાએ દબાણો દુર કરશે. સી સી રોડનુ કામ પૂર્ણ થતા હજુ બે મહિનાનો સમય લાગશે

ગાંધીનગર, તા ૭

શહેરના સે-૨૪માં સી સી રોડનું કામ પૂર્ણતાના આરે છે. જો કે હજુ અમુક વિસ્તારમાં રસ્તાનું કામ બાકી છે. સેકટરના કાર્મશિયલ વિસ્તારમાં રસ્તાનુ કામ હાથ ધરતા પૂર્વે દબાણો દૂર કરવા અભિયાન હાથ ધરાશે. હરસિધ્ધનગર વિસ્તારમાં વેપારીઓ કક્ષાએથી સ્વેચ્છાએ નડતરરુપ દબાણો દુર કરવામાં આવશે. આગામી દોઢ મહીનામાં સી સી રોડની કામગીરી પૂર્ણ કરી દેવાશે.

શહેરના સે ૨૪ માં દાયકાઓના અંતે રસ્તા અને લાઈટની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. થોડા સમય અગાઉ જ સેકટરમાં સી સી રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દબાણોથી ઘેરાયેલા આ સેકટરમાં તંત્રએ પ્રાથમિક તબક્કાથી જ કામ કરવાનુ શિરદર્દ સમાન બન્યું છે. અત્યાર સુધી વિકાસના મામલે સે ૨૪ના રહિશોને અન્યાય થતો હોવાની લાગણી પ્રબળ બની હતી. જયારે સ્થાનિક કોર્પોરેટરોની રજુઆતને લીધે સેકટરવાસીઓને પાયાની સુવિધાઓ પુરી પાડવાના કામોને વેગ અપાયો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. સેકટરમાં હાલ સી સી રોડ બનાવવાનુ કામ ચાલી રહયું છે. આ દરમિયાન દબાણો નડતરરૂપ થતા હોવાની સાથે કામગીરીમાં ઝડપ આવી શકી નથી.

● અનુસંધાન પાન-૭ પર

ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે તે માટે કિસાન સંઘ દ્વારા રજુઆત

ગાંધીનગર, તા. ૭

ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી તેની સીધી અનુભુતિ મુખ્ય સચિવ ડી.જે. પાંડિયનને સેક્ટર-૨૧ શાકમાર્કેટની મુલાકાત સમયે થઈ હતી. સરકારના વડાને આ પ્રશ્નની ગંભીરતા સમજાતા કિસાન સંઘ સંતોષ અને આભારની લાગણી પ્રદર્શિત કરી છે. આવનારા સમયમાં ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે તેવુ નક્કર આયોજન કરવા કિસાન સંઘે રજુઆત કરી છે.

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં ગુજરાતના મુખ્ય સચિવ શ્રી ડી.જે. પાંડીયને સેક્ટર-૨૧ શાકમાર્કેટની મુલાકાત લીધી ત્યારે તેઓ એક કિલો બટાકાના રૂ. ૨૦નો ભાવ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા હતા. કારણ કે હાલમાં ગુજરાતમાં ખેડૂતો પાસે ૨૫ થી ૩૦ લાખ જેટલી બટાકાની બોરી પડી રહી છે. કોલ્ડ સ્ટોરેજ હાઉસફુલ થઈ ગયા છે. બટાકાના ઉત્પાદન સામે

● અનુસંધાન પાન-૭ પર

સુરુચિનો ભંગ કરતા ત્રણ નાટકોના યોગ્યતા પ્રમાણપત્ર રદ કરાયા

ગાંધીનગર, તા.૭

યુવકસેવા અને સાંસ્કૃતિક -વૃર્તિઓ કચેરી હસ્તકની સાંસ્કૃતિક કાર્યક્રમ યોગ્યતા -માણપત્ર બોર્ડ દ્વારા નાટકને ભજવણી માટેનું યોગ્યતા -માણપત્ર આપવામાં આવે છે. તાજેતરમાં સુરૂચિનો ભંગ અને નારી જાતિની ગરિમાને હાનિ પહોંચે તેવી વર્તમાનપત્રમાં નાટકની અશ્લિલ જાહેરાત કરતા ત્રણ આયોજકો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તદ્‌અનુસાર બૈરી મારી એટમબોમ્બને હું છું, સૂરસૂરિયું નાટકના આયોજક -કાશ વી. ગદાણી બનેવીની બબાલ બહુના આયોજક -તિક શર્મા "અભિ" અને ધણીને ધાકમાં રાખો નાટકના હિતેશભાઈ ગઢવીને આપવામાં આવેલ નાટકના યોગ્યતા -માણપત્ર તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે છે.

ગાંધીનગર પોલીસ પ્રજા ઉપયોગી મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરશે..!

તમારી આસપાસ સ્થિત પેટ્રોલ પંપ, હોટલ, થિયેટર, હોસ્પિટલ અને પોલીસ સ્ટેશનની દિશા પણ બતાવશે અને સંકટ સમયે પોલીસ તમારી પડખે ગણતરીની મિનિટોમાં આવી જાય તેવી સુવિધા પણ એપ્લીકેશનમાં ઉમેરાશે

ગાંધીનગર, તા. ૭ પોલીસ તમારી પડખે આવી જાય તે

ટ્રાફીક અને અસામાજીક પ્રવૃત્તિઓની બાતમી પણ સીધી પોલીસને આપી શકાશે

જિલ્લા પોલીસ દ્વારા મોબાઈલ એપની વિચારણા કરાઈ છે. તેમાં એક એવી સુવિધા પણ મુકાય તેવી શક્યતા છે. જેમાં તમારી ઓળખ છુપી રહે અને તમે તમારી આસપાસમાં ક્યાંય અસામાજીક પ્રવૃત્તિઓ ચાલતી હોય તો તેની બાતમી સીધી પોલીસને ફોટો સાથે કે ફોટો વગર આપી શકશો. તે ઉપરાંત જિલ્લામાં ક્યાય ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હોય તો તેની જાણ કરી પોલીસને ટ્રાફિક હળવો કરાવવાનું સુચન પણ કરી શકશો.

ગાંધીનગર પોલીસ દ્વારા એક પ્રજા ઉપયોગી મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવાની વિચારણા ચાલી રહી છે. જેમાં 'SOS' કોલ કરવાથી ગણતરીની મિનિટોમાં સંકટ સમયે સુવિધા ઉપરાંત અન્ય પોલીસ સંબંધીત કામગીરી જેવી કે પાસપોર્ટ, ઈન્કવાયરી, એન.ઓ.સી. સહિતની બાબતોની પણ માહિતી એપ્લીકેશનથી જ મળી રહે તેવી સુવિધા કરવાની વિચારણા ચાલી રહી છે. ઉપરાંત મોબાઈલ એપ્લીકેશનથી જ પોલીસ ફરીયાદ કરી શકાય અને તેની જાણ સ્થાનિક પોલીસમથકના પી.આઈ., ડીવાયએસપી અને ડીએસપીને મેસેજ દ્વારા તાત્કાલિક થઈ જાય તે ફીચર પણ ઉમેરવામાં આવશે.

જિલ્લા પોલીસ દ્વારા આ મોબાઈલ એપ્લીકેશનને તૈયાર કરવા મંજુરી માગંવામાં આવી છે. મંજુરી મળ્યા બાદ એપ્લીકેશન તૈયાર કરતા એક્સપટ્સની સલાહ લઈ તેમની પાસેથી એપ્લીકેશન તૈયાર કરાવવામાં આવશે અને અધિકારીઓના મોબાઈલ નંબરથી માંડીને શક્ય બને તેટલી તમામ જરૂરી સુવિધાઓ ઉમેરવાનો પ્રયત્ન કરવામાં આવશે. પાસપોર્ટ વેરીફીકેશન ડીટેઈલ, એન.ઓ.સી. મેળવવાની પ્રક્રિયા, ભાડુઆતની તથા બંધ મકાનની જાણ પોલીસને કરવાની પ્રક્રિયા સહિતની પોલીસ સંબંધીત માહિતી પણ આ એપ્લીકેશનથી મળી રહેશે. તે ઉપરાંત તમે જ્યાં ઉભા છો તેની આસપાસના વિસ્તારમાં કેટલે દૂર અને ક્યાં હોટલ, હોસ્પિટલ, થિયેટર, પેટ્રોલ પંપ અને પોલીસ સ્ટેશન તથા શાળા-કોલેજ આવેલી છે તેની દિશા પણ બતાવે તેવી સુવિધા આ એપ્લીકેશનમાં ઉમેરવામાં આવશે.

ચોકઠુ મારું સુમસામ - શહેરમાં હીટવેવના પગલે ચોકઠા સુમસામ બની ગયા છે... બાળકોના કિલ્લોલથી ગુંજતુ અને ગાજતુ ચોકઠું આકરા ઉનાળાને કારણે શાંત અને નિરસ દેખાય છે... શહેરના જુના સેક્ટરોમાં કેટલાક નિકાલ હેઠળના મકાનો ખાલી થયા છે અને કેટલાક ખાલી થવામાં છે... ગરમી ચોકઠાને વધુ ખાલીપાની અસર આપે છે... એક સમયે આ ચોકઠાઓ પ્રવૃત્તિઓથી ધમધમતા હતા.... (તસવીર : કશ્યપ નિમાવત)

સરકારના પ્રયાસો-પરિણામોનું કાયમી પ્રદર્શન ઉભું કરાશે

ગાંધીનગર, તા.૭

રાજયની જુદી જુદી બાબતોની જાણકારી પ્રજાજનોને મળી રહે તે માટે કાયમી પ્રદર્શનનું આયોજન કરવા માટેની સક્રિય વિચારણા હાથ ધરવામાં આવી છે.

માહિતી અને પ્રસારણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રજાલક્ષી કામગીરીઓ સહીતની બાબતોની જાણકારી પ્રજાજનોને કાયમી ધોરણે મળી રહે તેવી હાલ કોઈ વ્યવસ્થા નથી.

જેના કારણે રાજયના ઘણા ખરા વિસ્તારોમાં પ્રજાજનોને આ બાબતોની જાણકારીઓ મળી શકતી નથી અને કેટલીક વાર લાભોથી પણ વંચિત રહે છે.

આવું ન બને તે માટે રાજયની જુદી જુદી બાબતોની જાણકારી પ્રજાને કાયમી ધોરણે મળતી રહે તે માટે રાજયની પ્રજા સમક્ષ આ બાબતે મુકી શકાય તે માટે કાયમી પ્રદર્શનનું આયોજન કરવા અને આ અંગે કામગીરી હાથ ધરવા માહિતી અને

● અનુસંધાન પાન-૭ પર

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

We will make your special moments alive
Wedding Photography & Video
Graphics & 2D-3D Animation
Live Video Coverage
Documentary Film
Ad Film
LED Wall Screen
VINAYAK Video Films
Contact No. : 98248 28169

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com